# બદરખાની પાસે ડમ્પર-એસટી બસ ટકરાતા ૧૫ ઘાયલ

અમદાવાદ, તા.૩૦

અમદાવાદ ધોળકા હાઈવે પરના ભાતબદરખા ગામ નજીક ડમ્પર અને એસટીબસ વચ્ચે અકસ્માત સર્જાતા ૧૫ જેટલા મુસાફરો ઘાયલ થવા પામ્યા છે. ઘાયલોને વા.સા.હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા છે. વિગતો એવી છે કે ગઈકાલે મોડી સાંજના સુમારે ગીતા મંદિરથી એસટી બસ ધોળકા તરફ જવા રવાના થઈ હતી. દરમ્યાનમાં એસટી બસ ભાત-બદરખા નજીક હાઈવે પરથી પસારથતી હતી. ત્યારે સામેથી પુરપાટ ઝડપે આવતા ડમ્પર ટ્રકે ધડાકાભેર ટક્કર મારી દીધી હતી. અકસ્માતને પગલે આ સપાસના લોકો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા અને બચાવકામગીરી શરૂ કરી દીધી હતી. પરંતુ એસટીબસનો કચ્ચર ઘાણ નીકળી જતાં કેટલાક મુસાફરો બસમાં જ ફસાઈ રહ્યા હતા. જેથી અમદાવાદ ફાયરબ્રિગેડની મદદ લેવાઈ હતી. ફાયરબ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ એસટી બસનું પતરું કાપી મુસાફરોને બહાર કાઢ્યા હતા. અકસ્માતમાં ૧૫ જેટલા લોકો ઘાયલ થવા પામ્યા હતા. ઘાયલોને તુરંત નજીકમાં આવેલા કલીપુર ખાતેની હોસ્પિટલમાં તેમજ અન્ય મુસાફરોને અમદાવાદ ખાતેની વા.સા.હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.

મોડી સાંજના સુમારે સર્જાયેલા અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક પણ ભારે ચક્કાજામ થઈ ગયો હતો. અકસ્માતની જાણ થતાં ધોળકા પોલીસ મથકની ટીમ તાબડતોબ દોડી આવી હતી. બાદમાં પોલીસે ભારે જહેમતબાદ ટ્રાફિક હળવો કર્યો હતો. આ અંગે એસ.ટી. બસના ડ્રાઈવરે ધોળકા પોલીસ સમક્ષ ડમ્પરના ચાલક વિરુધ્ધ ગુનો નોંધાવ્યો છે. ધોળકા પોલીસે નાસી છૂટેલા ડમ્પર ચાલકની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

## ડીસામાં ટી.વી. ચેનલના કેબલના મુદ્દે ધીંગાણું એક પક્ષે ચોરી તથા બીજા પક્ષે મારામારીની ફરિયાદ કરી

ડીસા,તા. ૩૦

ડીસા શહેરમાં ચેનલના કેબલ મામલે બે પક્ષો વચ્ચે મોડી રાત્રે ધીંધાણુ થતા ભારે અફરા-તફરી મચી જવા પામી હતી. આ બાબતે એક પક્ષે મારામારી અને બીજા પક્ષે ચોરી અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી સઘન તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ડીસા શહેરમાં કેબલ ચલાવતા બે પક્ષો દ્વારા છેલ્લા કેટલાક સમયથી વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે મંગળવારની મોડી સાંજે ચંદ્રલોક સોસાયટી રોડ પર બન્ને જૂથ સામ-સામે આવી પહોંચતા વાતાવરણ તંગદિલી ભર્યું બન્યું હતું.

જેમાં એક પક્ષના સભ્યો મદનલાલ ખત્રી, હીરાલાલ ઠક્કર, અમીન હીરાલાલ ઠક્કર અને ભાવેશ ઠક્કરને સામેના પક્ષના સભ્યોએ અભદ્ર વર્તન સાથે ધક્કામુક્કી કરતા આ મામલે બિચક્યો હતો અને એક પક્ષે હોકી તથા લાકડી વડે માર મારી મારી નાખવાની ધમકી આપી હતી. આથી સ્વરૂપભાઈ માળીએ ચોરી તથા સામે પક્ષે મારામારીની ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ખેડબ્રહ્મામાં મચ્છરોનો ઉપદ્રવ વધતા રોગચાળાનો ભય

ખેડબ્રહ્મા, તા.૩૦

ચોમાસા અને શિયાળામાં શહેરીજનોને મચ્છરોના વધી જતા ઉપદ્રના કારણે મલેરીયા અને ડેન્ગ્યુ જેવા રોગચાળાનો સામનો કરવો પડતો હોય છે. પરંતુ હાલમાં ભર ઉનાળે શહેરના તમામ વિસ્તારોમાં મચ્છરોથી થતા ડેન્ગ્યુ અને મલેરીયા જેવા રોગો એ માથું ઉંચકયું છે તો બીજી તરફ હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો પણ જોવા મળે છે તેમ છતાં જિલ્લા આરોગ્યતંત્ર સબ સલામતનું પીપુંડું વગાડી પોતાની જવાબદારી અને કામગીરીથી હાથ ખંખેરી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ખેડબ્રહ્મા તાલુકામાં ઠેર-ઠેર ખુલ્લા પડેલા કોમર્શિયલ, ખાનગી પ્લોટો અને જાહેર માર્ગો પર પડી રહેતા કચરા ને અનિયમિત સફાઈને લીધે છેલ્લા ઘણા દિવસોથી ભર ઉનાળે મચ્છરોથી ઉદભવતા મલેરીયા અને ડેન્ગ્યુ જેવા રોગોએ માથુ ઉંચકયું છે. જેથી નગરજનો ગરમી અને મચ્છરો એમ બે તકલીફથી ભારે ત્રાહીમામ પોકારી ઉઠયા છે. મચ્છરોની ઉત્પત્તિમાં આમ તો ચોમાસાની સિઝન જવાબદાર ગણાય છે પણ ચાલુ વર્ષે ખેડબ્રહ્મામાં ભર ઉનાળે જે રીતે મચ્છરોનો ઉપદ્રવ વધવા પામ્યો છે તે જોતા જો વરસાદ મોડો પડશે તો મુશ્કેલી વધશે. વરસાદ વધારે પડશે તો મચ્છરની ઉત્પત્તિ અંકુશમાં રહેશે પણ છુટો છવાયો વરસાદ પડશે તો મચ્છરોનો ઉપદ્રવ હજુ પણ થશે આથી નગરજનોમાં રોગચાળા પ્રત્યે ભયની લાગણી જોવા મળી છે. બીજી તરફ મચ્છરથી તથા મલેરીયા અને ડેન્ગ્યુ જેવા રોગોના કેસો ધીમે ધીમે વધી રહ્યા છે અને હોસ્પિટલમાં દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. આ બાબતે હાલની પરિસ્થિતિ જોતા આરોગ્ય તંત્રે ખેડબ્રહ્મા સહિત આસપાસના વિસ્તારમાં જયાં ખુલ્લી ગટરો, ઘન કચરો, ગંદકી, પાણીના ભરાતા ખાબોચિયા, ટાંકીના કે નાળાના પાણીમાં, ખુલ્લા પ્રાઈવેટ અથવા ખાનગી પ્લોટોમાં જોવા મળતા મચ્છરો ઉપર સર્વે હાથ ધરી અને ગંદકી ફેલાવતા અને શહેરીજનોના આરોગ્ય સામે ખુલ્લે આમ ચેડા કરતા તત્વો વિરુધ્ધ દંડવસુલી જેવી કડક હાથે કાર્યવાહી કરવા શહેરીજનો ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે નગરના પ્રશ્નોની વાચા આપવા માટે નગરજનોના મતથી ચૂંટાતા નગરસેવકો તથા આરોગ્ય વિભાગના અધિકારીઓને વારંવાર આ મામલે રજૂઆત કરવા છતા અધિકારીઓ કે નગરસેવકો અહીં ડોકયુ કરવા પણ આવ્યા નથી ત્યારે આ નાગરિકો કોની પાસે જઈ પોતાનું દુખડું રોવે તે એક પ્રશ્ન છે.



## પાલનપુરમાં ખેડૂત પિતા અને પુત્રને મારવાની ધમકી આપી ખંડણી માંગનાર માલણના ત્રણ ઈસમો પોલીસના હાથે પકડાયા

પાલનપુર પંથકમાં ગુનાકોરીનો ગ્રાફ જેટ ગતીએ વધી રહ્યો હોવાની વ્યાપક ફરિયાદો વચ્ચે એક ચોંકાવનારો બનાવ આજે બહાર આવ્યો છે. આ એક ખતરનાક સાજીસની ઘટના અંગે શહેર પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતોનુસાર પાલનપુરના એક ખેડૂતને તેના પુત્રને મારવાની ધમકી આપી અજાણ્યા શખ્સોએ ૧ કરોડ રૂપિયાની ખંડણી માંગેલ. ક્રમશ ૫૦ લાખ છેલ્લે પાંચ લાખ આપવાની વાત નક્કી કરી આ લોકો વિરૂદ્ધ શહેર પોલીસે ફરિયાદ નોંધી છટકું ગોઠવતા ત્રણ નરાધમો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ડાંગ જિલ્લામાં નવી આરટીઓ કચેરી શરૂ કરવા નિર્ણય

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ દક્ષિણ ગુજરાતના વનવાસી ક્ષેત્ર ડાંગ જિલ્લામાં નવી સ્વતંત્ર આરટીઓ કચેરી કાર્યરત કરવાનો નિર્ણય કર્યો છે. ડાંગ જિલ્લામાં વાહનોની સિરીઝ જીજે-૩૦ નક્કી કરવામાં આવી છે. રાજય સરકારના પ્રવકતા આરોગ્યમંત્રી જયનારાયણ વ્યાસ તથા ઊર્જા રાજ્યમંત્રી સૌરભભાઈ પટેલે આ મહત્વાકાંક્ષી નિર્ણયની ભૂમિકા આપતા જણાવ્યું કે રાજ્યમાં સર્વાંગી વિકાસની તેજ રફતાર સાથે વનવાસી પ્રદેશોમાં પણ આર્થિક સમૃદ્ધિની દિશા ખૂલતાં, વાહનોના વપરાશ-ખરીદીમાં વધારો થતો રહ્યો છે ત્યારે મહારાષ્ટ્રની સરહદને અડીને આવેલા ડાંગ જિલ્લાના મુખ્યમથક આહવામાં નવી પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી શરૂ થતાં, આ વનવાસી પ્રદેશમાં જનસુવિધા કાર્યમાં વૃદ્ધિ થશે એટલે જ નહીં, અત્યાર સુધી ડાંગ જિલ્લાના નાગરિકોને વાહન નોંધણી માટે વલસાડ આરટીઓ કચેરીએ જવું પડતું હતું તેમાંથી મૂક્તિ મળશે અને વલસાડ આરટીઓ કચેરીના કાર્યભારણમાં પણ ઘટાડો થશે. ડાંગ જિલ્લાના મુખ્યમથક આહવા ખાતે આ નવી આરટીઓ કચેરી શરૂ થતાં ડાંગ જિલ્લાના ૬૩૦૪ જેટલા નોંધાયેલા તેમજ ૭૩૪ લાયસન્સ ધારકો ઉપરાંત નવા ખરીદ થનાર વાહનો-લાયસન્સ ધારકોને વાહન નોંધણી તથા તેને સંલગ્ન સુવિધા ઘર-આંગણે જ મળતી થશે અને વનવાસી ક્ષેત્રમાં જનસુખાકારીમાં નવતર અભિગમ સમાન બની રહેશે, તેમ પણ પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું હતું.



પાલનપુર નજીક આવેલ આંત્રોલી પાસે એક વાહનમાં ગેરકાયદેસર રીતે અનાજનો જથ્થો લઈ જવાઈ રહ્યો હોવાની બાતમીના આધારે તાલુકા પોલીસે એક શંકાસ્પદ વાહન રોકાવતા ચાલક નાસી ગયેલ. તેમાંથી ઘઉં અને ચોખાની બોરીઓ મળી આવી હતી. આંત્રોલી પાસે એક લોડીંગ વાહનનો જીજે-૮-વાય-૩૬૮૪માંથી પોલીસે ઘઉંના કટ્ટા ૨૭ કિ. રૂ. ૧૦,૧૨૮ અને ચોખા સહિત કુલ રૂ. ૧૨,૫૭૫ સાથે મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. આ રેશનીંગનો બિનઅધિકૃત જથ્થો કાળાબજારમા લઈ જવાતો હતો કે કેમ તે અંગે પુરવઠા નિરિક્ષકો અને મામલતદાર સાથે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ચરાડા મુકામે પોલીસ-પ્રજા વચ્ચે વિવિધ રમત-ગમત સ્પર્ધાઓ યોજાઈ

માણસા, તા. ૩૦

પોલીસ અને પ્રજા વચ્ચેના સંબંધો સુધારવા તેમજ બન્ને વચ્ચેની ખેલદિલીની ભાવનાના વિકાસ માટે માણસા પોલીસમથક દ્વારા ચરાડા ખાતે જિલ્લાકક્ષાએ યુવાનો માટે વિવિધ રમતો અને સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા દિઠ યુવાન મિત્રોએ ભાગ લઈ પોતાનું કૌશલ્ય પ્રદર્શીત કર્યું હતું.

ગાંધીનગર નજીક ચરાડા ખાતે પોલીસતંત્ર દ્વારા આયોજીત રમતગમત સ્પર્ધાઓમાં કબડ્ડીની રમત માટે છ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ચડાસણા અને બદપુરા વચ્ચે યોજાયેલી ફાઈનલ મેચમાં ચડાસણાની ટીમ, વોલીબોલની ફાઈનલ મેચમાં ઈન્દ્રપુરાની ટીમ તથા રસ્સા ખેંચની ફાઈનલ મેચમાં સીનીયર સિટીઝન્સની ટીમે યુવાન પોલીસ ટીમને પરાજીત કરી હતી. આ કાર્યક્રમમાં ડીવાયએસપી ઉષા રાડા, માણસા પોલીસમથકના પી.આઈ. બી.એન. દવે સહિત અધિકારીઓ હાજર રહ્યા હતા અને યુવાન ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

| સાબરકાંઠા જિલ્લામાં | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. | ૯૯૨૫૦૪૪૭૪૩ |
| | હિંમતનગર) | ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા | |
| | જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| **મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં** | | |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |




## રામપુરા મઠ ખાતે ગૌસ્વામી સમાજના ૫૨ ગામના નવાગોળની રચના

ડીસા, તા.૩૦

ડીસા તાલુકાના રામપુરા મઠ (જાગીર) ખાતે મહંત રૂપપુરીજી મહારાજ તથા કામભારી માતાજી નિર્મળપુરીના અધ્યક્ષસ્થાને ગૌસ્વામી સમાજની બેઠક યોજાઈ હતી. જમાં ૫૨ ગામના નવાગોળની રચના કરવામાં આવી હતી. ગૌસ્વામી સમાજ ઉન્નત મસ્તકે જીવી શકે અને સમાજને યુવાનો શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ કારકીર્દી શરુ કરી સમાજમાં આગવો મોભો પ્રાપ્ત કરે તે માટે સમાજના અગ્રણીઓએ તમામ રીતે એક સંપ થઈ સમાજનો ઉધ્ધાર કરવાનો સંકલ્પ લીધો હતો. કાર્યક્રમમાં રૂપપુરી મઠ રતનગીરી ગુરૂધનગીરી (જીવાણા), જબ્બરભારથી ગુરુ લહેરેભારથી-કુચાવાડા, રેવાપુરી ગુરુ હીરાપુરી (આસોદર), રતનભારથી ગુરુ કનૈયાભારથી (સેવાડીયા) શામળપુરી ગુરુ મહાદેવપુરી (કુચાવાડા) શ્યામગીરી ગુરુ મેરેઠગીરી (કૈલાલ ટેકરી માલગઢ), રામભારથી (રતનપુર ભીલડી), કાળુભારથી (મગરાળા), બજરંગપુરી (બીલેશ્વર), સાધ્વી ઉમાભારથી (મહુડી) સહિત મઠધીશ મહંતો અને જગ્યાઓના મહંતો ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે જગદીશપુરી મહારાજ (થળી) અને જગનાથજી મહારાજ (રામસણ)એ આર્શીવચન પાઠવ્યા હતા. આભાર વિધી રામપુરા મઠ જાગીરના કારભાર નિર્મલપુરી માતાજીએ કરી હતી. આગામી સમયમાં ગોળના હોદ્દેદારોની પણ નિમણુંક કરવામાં આવશે. નવાગોળના ગામોમાં નાણી, માલગઢ, કમોડી, સણથ, કુપટ, દામા, આનંદનગર રામસણ, ટેટોડા, મુડેઠા, પેછડાલ, પાલનપુર (વાછડાલ), સોતમલા, દેઢા, ખીમંત, ખેરોલા, જેગોલ, ખીમંત (ગોળીયા), ગામડી, ગોઢા (જાકોલ), જાકોલ, શેરગઢ (જાકોલ), નાના કાપરા, વિરોલ (ડીસા), ભાડલી (કોઠા-૧), ભાડલી કોઠા-૨, બુરાલ અને જડીયા ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની બેઠક યોજાઈ

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની માસિક બેઠક તાજેતરમાં એસોસિએશનના પ્રમુખ ભાનુકાન્ત પરમારના અધ્યક્ષસ્થાને અને રમણલાલ શ્રીમાળીને નિવાસસ્થાને મળી હતી. જેમાં એસોસિએશનની અગાઉની બેઠકની કાર્યવાહી અને તે પર લીધેલા પગલા અંગે મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' એ રજૂઆત કરી હતી. ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની બેઠકમાં તેને મંજૂરી આપવામાં આવી હતી.

એસોસિએશનની રાષ્ટ્રીય અનુસૂચિત આયોગની ૨૪મી એપ્રિલે મળેલી બેઠકમાં અને ૧૪મી મેના રોજ રાષ્ટ્રીય માનવહક્ક આયોગની અમદાવાદ ખાતે મળેલી બેઠકમાં રાષ્ટ્રીય સંપતિ પેદા કરનાર પ્રાયમરી પેદાશકાર મજૂરને પુરતુ વેતન આપવા, 'રેન બસેરા' બાંધવા, ઝુંપડાવાસીઓને યોગ્ય વસવાટ પૂરા પાડ્યા સિવાય હટાવવા ન જોઈએ તે સંદર્ભે રજૂઆત કરવામાં આવી હતી. એસોસિએશનની હવે પછીની કારોબારી બેઠક તા. ૧૫મી જૂન-૨૦૧૨ના રોજ તથા સામાન્ય સભા તા. ૨૮મી જૂન-૨૦૧૨ના રોજ બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## થર્ડ ફ્રન્ટના એંધાણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે થર્ડ ફ્રન્ટ અંતે અત્યારે કંઈ કહેવું વહેલું છે. જો કે આ બાબતે તેમણે ઈન્કાર કર્યો ન હતો. સરકારનો વિકલ્પ શું હોઈ શકે તે અંગે પૂછાયેલા પૂરક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે અત્યારે અમારૂં મિશન ગુજરાતની પ્રજાને જાગૃત કરવાનું છે.

ગુજરાતની સ્થિતિથી અમે ચિંતીત છીએ તેવું સુરેશ મહેતાએ કહેતાં એક પત્રકારે એવું પૂછ્યું હતું કે શું ગુજરાતમાં કટોકટી છે ત્યારે પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે કટોકટીનો સારી હતી કારણ કે તે ઓફિસિયલ હતી. આજે અન ઓફિસિયલ ભય સહિતની ધ્રુજારી છે.

સુરેશ મહેતાએ નેતૃત્વ પરિવર્તનનો છેદ ઉડાવી દીધો હતો અને કહ્યું હતું કે ચૂંટણી વર્ષ છે તેથી આવી કોઈ વાત નથી. અહીં અમે ભેગા થયા છીએ તેમાં કેશુભાઈ અને કાશીરામ ભાજપના નેતાઓ છે. મારે કોઈ પાર્ટી નથી. ગોરધન ઝડફિયા એમજેપીમાંથી આવે છે. અમે ગુજરાતના વિવિધ સમાજના લોકોની ચિંતા કરીએ છીએ.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮